# ભિલોડાની સીમમાં દિપડો દેખાતા ફફડાટ

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ વણઝર ગામના સીમ વિસ્તારમાં ખુંખાર દિપડાએ મધ્યરાત્રે એક વાછરડાને શિકાર બનાવી મારણ કરતાં ખેડુતો અને પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ડુંગરાળ વિસ્તારોમાં ઠેર-ઠેર ખુંખાર દિપડા વર્ષોથી વસવાટ કરે છે ત્યારે ખોરાકની શોધમાં ફરતા વન્ય હિંસક પ્રાણીઓ ગાયો, ભેંસોનું વારંવાર મારણ કરતા હોય છે. પશુપાલકોને નુકસાન સહન કરવાનો વારો આવતો હોય છે. વન વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા પાંજરૂ મુંકી ખુંખાર દિપડાઓને ઝડપી લેવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી ઉઠવા પામી છે.

વણઝર ગ્રામ પંચાયત સરપંચ મનુભાઈ પટેલ,ખેડુતો, પશુપાલકો, ગ્રામજનોના જણાવ્યા મુજબ વણઝર ગામના પશુપાલક કનુભાઈ સોમાભાઈ બામણીયાના ખેતરમાં તબેલા પાસે બાંધેલા વાછરડાનું ખુંખાર દિપડાએ મધ્યરાત્રે ૩ વાગ્યાના અરસામાં શિકાર બનાવી મારણ કરતાં પશુપાલકોમાં ભારે ભય ફેલાયો છે. ભિલોડા વન વિભાગની કચેરીમાં જાણ કરાતાં વન વિભાગના અધિકારીઓ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘટનાસ્થળનું પંચનામુ કરી વન વિભાગના અધિકારીઓએ ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી હતી.

# પરપ્રાંતિયોની હિજરત રોકવા પોલીસ બની સતર્ક

### પોલીસે ફુટ પેટ્રોલિંગ અને ડોર ટુ ડોર સમજાવટ હાથ ધરી

હિંમતનગર ના ઢુંઢર દુષ્કર્મના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર ગુજરાતમાં પડ્યા હતા તેમાં બનાસકાંઠા પણ પ્રભાવિત થયો હતો. કેટલાય પર પ્રાંતિય પાલનપુર છોડીને વતન ભણી વાટ પકડી હતી. ત્યારે પોલીસે આ મુદ્દાને સેન્સીટીવ લઈને ફૂટ પેટ્રોલિંગ સહિત ડૉર ટુ ડૉર સમજાવટ શરૂ કરી હતી ગુરુનાનક ચોક સહિત પરપ્રાંતિય જ્યાં રહેતા હોય ત્યાં પાલનપુર એસ.ડી.એમ. એ.ડી.જોશી, ડીવાયએસપી એ.આર.જનકાત અને રેલવેના ડિવિઝનલ કમિટી મેમ્બર અંબાલાલ રંગવાણી સહિતના અધિકારીએ પરપ્રાંતિયોને ડોર ટુ ડોર સમજાવી અને ધંધા રોજગાર શરૂ કરી અને



બનાસકાંઠા પોલીસે પરપ્રાંતિ પર હુમલાના મુદ્દાને ખૂબ જ સેન્સેટિવ લીધો હતો રેન્જ આઈજીની વિઝિટ બાદ બનાસકાંઠા પોલીસે પાલનપુરમાં ફુટ પેટ્રોલિંગ કર્યું હતું જોકે જિલ્લા પોલીસ વડા ડીવાયએસપી અને એસઆરપીની કંપની એ શહેરમાં ફૂટ પેટ્રોલિંગ સહિત પરપ્રાંતિયને સમજાવટની પણ કામગીરી હાથ થઈ હતી.

દરમિયાન, મંગળવારે રાત્રે રેલવે સ્ટેશન કોઝી વિસ્તાર જે પરપ્રાંતિય વતન જતા રહ્યા હોઈ તેમને પરત બોલાવવાની સમજાવટ આદરી હતી.

જેના ભાગ રૂપે આજે પાલનપુરમાં પરપ્રાંતિયોએ પોતાના ધંધા રોજગારની શરૂઆત કરી હતી આમ સમગ્ર પરપ્રાંતીયો પર હુમલાની મામલે જવાબદારી પાલનપુર પોલીસે લીધી હતી જેને સફળતા મળી હોવાનું ડીવાયએસપી એ.આર. જનકાન્તએ જણાવ્યું હતું.

# બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં વાલી સંમેલન યોજાયું

ભિલોડા,તા.૧૧

બોલુન્દ્રા ગામમાં શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં અભિભાવક (વાલી) સંમેલન યોજાયું હતું. ૧૧૦ વર્ષથી ચાલી રહેલી અગ્નિહોત્રી, અન્નક્ષેત્ર, ગૌ-શાળા, સંસ્કૃત પાઠશાળા સહિત વિવિધ પ્રવૃત્તીઓથી ભારતીય સંસ્કૃતિનું રક્ષણ કરનાર શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં અભ્યાસ કરનાર ઋષિકુમારોના વાલીઓનું સંમેલન યોજાયું હતું. આચાર્ય નિસાંર્ગભાઈ ઉપાધ્યાય ધ્વારા પ્રાસંગિક ઉબોદ્ધન કરાયું હતું. બોલુન્દ્રા ગામના આગેવાનો કોહ્યાંભાઈ પટેલ, દિગ્વિજયસિંહ રહેવર, અશોકકુમાર પંડ્યા, મણીભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

સંચાલક આત્રેયભાઈ વ્યાસએ આશીવર્ચન પાઠવ્યા હતા. જાહ્નવીબેન વ્યાસએ પ્રાસંગિક ઉબોદ્ધન કર્યું હતું. વિદ્યાર્થીઓ ધ્વારા ભાષણો, નાટકો, તાંડવ નૃત્ય, યોગાસન સહિત પ્રવૃતીઓ યોજાઈ હતી. બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં ઋષિકુમારોના વાલી બંધુઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો.



### મહેસાણામાં પરપ્રાંતિયોને સુરક્ષાની ખાતરી

મહેસાણા જિલ્લામાં વિવિધ રાજ્યોના નાગરિકોની સુરક્ષા અને સલામતી માટે તંત્ર કટિબધ્ધ બન્યુ છે. જિલ્લા વહીવટીતંત્ર વિવિધ કામના સ્થળો સહિત રેલ્વે સ્ટેશન જઈને નાગરિકોને સલામતી અને સુરક્ષાની ખાતરી આપી રહ્યા છે. મહેસાણા મામલતદાર સહિત તેમની ટીમે રેલ્વે સ્ટેશનની મુલાકાત કરી હતી. જેમાં વિવિધ રાજ્યોના નાગરિકોને મળીને વિગતો જાણી હતી. જેમાં સામે આવ્યું હતું કે તેઓ ભયના કારણે નહિ પણ આગામી સમયમાં આવનાર વિવિધ તહેવારો જેવા કે છઠ્ઠ પુજા, દિવાળી, સામાજિક પ્રસંગો, માતા-પિતા સહિત કુટુંબીજનોની બીમારી સહિતના કારણોસર વતનમાં જઈ રહ્યા છે. તેઓએ જણાવ્યું હતું કે કામ પુર્ણ થતાંજ ગુજરાતમાં પરત આવી જઈશું. મહેસાણા મામલતદારે રેલ્વે સ્ટેશનના વિવિધ પ્લેટફોર્મ પર ફરી વિગતો જાણી હતી. વિવિધ રાજ્યોના નાગરિકો સાથે મુલાકાત કરી તેમને સુરક્ષા અને સલામતીની ખાતરી આપી હતી.

# મોડાસામાં બિન અનામત રાજ્ય આયોગ નિગમના ચેરમેનનો સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૧૧

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા બિન અનામત વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક લાભ રોજગારીલક્ષી લાભ માટે રાજ્ય સરકાર દ્વારા બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવી હતી. જેમાં જે વ્યક્તિઓની અનામતનો લાભ મળતો નહોતો અને આર્થિક રીતે પછાત અને મધ્યમ વર્ગના લોકોને લાભ આપવા માટે રાજ્ય સરકારે પહેલ કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસામાં નિગમના ચેરમેન બી.એચ. ઘોડાસરાના અધ્યક્ષ સ્થાનમાં મોડાસા જેસીસ હોલમાં જાયન્ટ્સ મોડાસા જેસીઆઈ મોડાસાના સંયુક્ત ઉપક્રમે લોકોમાં જાગૃતિ લાવવા અને તેનો લાભ લેવા માટેનો સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. નિગમના ચેરમેન પૂર્વ સાબરકાંઠા કલેક્ટર ઘોડાસરાનું સન્માન પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વડોદરા



સાહેબનું સન્માન જાયન્ટ્સ મોડાસાના અને સામાજિક ખરેખર નીલેશભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યુ નિગમના ચેરમેન અને લોકોને શૈક્ષણિક અભ્યાસ યોજના વિદેશ અભ્યાસ લોન ભોજન બિલ સા સહાય સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય સ્વરોજગારલક્ષી યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જાયન્ટ્સ મોડાસા જેસીસ મિલ્ક કમિટી જેસીઆઇ દ્વારા કરવામાં આ કાર્યક્રમમાં મિલ્ક કમિટીના ચેરમેન નવનીત પરીખ નાગરિક બેંકના ચેરમેન કમલેશ પટેલ ધર્મેન્દ્ર ત્રિવેદી અમિત કવિ અલ્પેશ પટેલ દ્વારા સફળ અયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં અનામતનો લાભ ન મેળવતા પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.



### રામનગર હાઈસ્કુલ વોલીબોલની ટીમ ચેમ્પિયન

ભિલોડા તાલુકાના રામનગર ગામની રામનગર હાઈસ્કુલની વોલીબોલની ટીમ ચેમ્પીયન બનતાં આનંદની લાગણી પ્રસરી હતી. ખેલ મહાકુંભ અંતર્ગત વોલીબોલ સ્પર્ધા અંડર-૧૭ જીલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધા ટીંટોઈ હાઈસ્કુલમાં યોજાઈ હતી. રામનગર હાઈસ્કુલ અંડર-૧૭ ભાઈઓની ટીમએ જીલ્લા કક્ષાએ મોડાસાની ટીમને હરાવી ફાઈનલમાં ચેમ્પીયન બની હતી. બહેનોની ટીમ અંડર-૧૭ માં તૃતીય ક્રમ મેળવ્યો હતો. જીલ્લા કક્ષાની અંડર-૧૭ ભાઈઓ-બહેનોની ટીમે ઉત્કૃષ્ઠ દેખાવ કરી રામનગર હાઈસ્કુલનું ગૌરવ વધારતાં શાળા સંચાલક મંડળના પ્રમુખ હિંમતભાઈ પટેલ, આચાર્ય અમૃતભાઈ પટેલ, સ્ટાફ પરીવાર, વોલીબો ટીમ કોચ ગણેશભાઈ બલાત, પી.એન.અસારીએ વોલીબોલની ટીમના ખેલાડીઓને બિરદાવી રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરવા અનુરોધ કર્યો હતો.



### ભિલોડા તાલુકા મથક ખાતે ખેડુતોની બેઠક યોજાઈ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ખેડુતોની બેઠક યોજાઈ હતી. ખેડુતો સાથે ચર્ચા-વિચારણા કરાઈ હતી. ખેડુતોના પ્રાણ પ્રશ્નોને વાચા આપવા માટે બાંહેધરી હતી. ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રી ફલજીભાઈ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ દેવા માફીના મુદ્દે ખેડુતોને ગુમરાહ કરે છે. ભાજપના શાસનમાં કૃષિ વિકાસ, ખેડુતોને અપાયેલ સિંચાઈ, વીજળીની સવલતો, સહાયો અકલ્પનીય છે. ખેડુતોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો પણ સરળતાથી મળે છે. સમૃધ્ધ ખેતી, સમૃધ્ધ કિસાન ભાજપ સરકાર ધ્વારા ખેડુતોના હિત માટે વિવિધ કાર્યો ભાજપ સરકારએ કર્યા છે. સમૃધ્ધ ખેતી, સમૃધ્ધ ખેડુતના મંત્રને અપનાવી ભાજપ સરકારએ ખેડુતલક્ષી નિતી અપનાવી ખેડુતો માટે લાભદાયક એવા અનેક ઐતિહાસિક નિર્ણયો લીધા છે. મહેનતુ ખેડુતોની સુખાકારી અને સમૃધ્ધીમાં અનેક ઘણો વધારો થયો છે. ટેન્કર રાજને વિદાય આપી ગામડે-ગામડે નર્મદા નદીનું પાણી કેનાલો મારફતે પહોંચાડ્યું છે. ખેડુત અગ્રણી કાંતીલાલ પટેલના ઘરે ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

## વાની ઠાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુસ્લિમ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યો હતો. તે જમ્મુ કાશ્મીરના કુપવારા જિલ્લા તાકીપોરા ગામનો નિવાસી હતો. મન્નાનને તેના ઘરવાળા આગળના અભ્યાસ માટે અમેરિકા મોકલવા ઈચ્છુક હતા. આને લઈને તે ખુબ ઉત્સાહિત પણ હતો પરંતુ તે ત્રાસવાદી ગતિવિધિમાં સામેલ થઈ ગયા બાદ પરિવારના સભ્યો નાખુશ હતા. તે પરત ફરશે તેવી આશા રાખી રહ્યા હતા. ઘરવાળા સાથે પણ તે વાતચીત કરી રહ્યો ન હતો. છેલ્લે ચોથી જાન્યુઆરીના દિવસે તેની વાત થઈ હતી તે વખતે મન્નાને પોતાના ભાઈને પરિવારની સાથે પોતાનો એક જુનો ફોટો મોકલ્યો હતો. ત્યારબાદ તેનો ફોન બંધ થઈ ગયો હતો. ફેસબુક એકાઉન્ટ પણ બંધ થઈ ગયું હતું. જાન્યુઆરીમાં જ મન્નાન એએમયુથી કાશ્મીર પહોંચી ગયો હતો. ત્યારબાદ તે ત્રાસવાદી સંગઠન હિઝબુલમાં સામેલ થઈ ગયો હતો. હિઝબુલમાં તે સામેલ થઈ ગયા બાદથી સુરક્ષા સંસ્થાઓ તેને શોધી રહી હતી. આજે બાતમી બાદ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સેનાની રાષ્ટ્રીય રાયફલ, પોલીસ અને સીઆરપીએફ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં હિઝબુલના બે ત્રાસવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. મન્નાન વાની આ વર્ષની શરૂઆતમાં આતંકવાદી બની ગયો હતો. આજે સવારે સેનાએ હેન્ડવારા વિસ્તારમાં મોટાપાયે ઓપરેશન હાથ ધર્યુ હતું.

સવારે નવ વાગે આ ઓપરેશન શરૂ થયું હતું. હેન્ડવારાના શોટગુંદ વિસ્તારમાં ત્રાસવાદીઓને ચારેબાજુથી ઘેરી લીધા બાદ તેમને લાઉડ સ્પીકરથી શરણાગતિ સ્વીકારી લેવા માટે કહેવામાં આવ્યું હતું પરંતુ ત્રાસવાદીઓએ ગોળીબાર કરીને ફરાર થવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ અથડામણ શરૂ થઈ હતી. મોરચા સંભાળી ચુકેલા જવાનોએ જવાબી કાર્યવાહી કરી હતી જેમાં ત્રણ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. બેની ઓળખ કરી લેવામાં આવી છે. જે પૈકી એક મન્નાન વાની હોવાનું જાણવા મળ્યું છે. સીઆરપીએફના જવાનોએ ટીયરગેસના સેલ પણ છોડ્યા હતા. ત્રાસવાદીઓની ધરપકડના અહેવાલને લઈને પણ અથડામણ શરૂ થઈ હતી.

## તબાહી..

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમો તૈનાત કરવામાં આવી છે. તોફાની પવનના લીધે અનેક જગ્યાઓએ વૃક્ષો ધરાશાયી થયા છે. વિજળીના થાંભલા તુટી પડ્યા છે. બે જુદી જુદી ઘટનાઓમાં બેના મોત થઈ ચુક્યા છે. શ્રીકાકુલમમાં એકનું મોત થયું છે. ઓરિસ્સામાં એનડીઆરએફની ૧૪ ટીમો તૈયાર કરવામાં આવી છે. એનડીઆરએફની ટીમો બાલાસોર, સંભલપુર, ગજાપતિ, નયાગઢ, પુરી, કેન્દ્રપાડા, ભુવનેશ્વરમાં મોકલવામાં આવી છે. એનડીઆરએફની ચાર ટીમો આંધ્રપ્રદેશના વિશાખપટ્ટનમ, શ્રીકાકુલમ, વિદ્યાનગરમાં મોકલવામાં આવી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે પુરની સ્થિતિની દહેશત વચ્ચે ૩૦૦ મોટરબોટની સેવા લેવામમાં આવી છે. ઓરિસ્સા અને આંધ્ર બંને જગ્યાએ હાલત કફોડી બનેલી છે. ઓરિસ્સાના ગોપાલપુરમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ગોપાલપુરમાં તિતલી વિનાશકારી રૂપમાં દેખાતા તંત્ર દ્વારા વધુ અસરકારક પગલા લેવામાં આવ્યા હતા. ઓરિસ્સામાં ૧૦૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખેસડી દેવામાં આવ્યા છે. આંધ્રપ્રદેશમાં શ્રીકાકુલમમાં ભારે વરસાદ થયો છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. બંગાળના અખાત પર સર્જાયેલા દબાણના કારણે આવેલા ચક્રવાતી તોફાને હવે વિનાશકારી સ્વરુપ ધારણ કરી લીધું છે જેના ભાગરુપે વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. તોફાની પવન ફુંકાઈ રહ્યા છે. ઓરિસ્સા અને આંધ્રપ્રદેશમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ઓરિસ્સામાં સ્કુલ કોલેજો બંધ કરવામાં આવ્યા બાદ તંત્ર બિલકુલ સાવધાન થઈ ગયું છે. હવામાન વિભાગના કહેવા મુજબ આ ચક્રવાતના કારણે ૧૪૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાઈ રહ્યુ છે. ચક્રવાતના ખતરાને ધ્યાનમાં લઈને ઓરિસ્સા અને આંધ્રપ્રદેશ સરકાર સાવચેતીના પગલા ગઈકાલે જ લેવામાં આવી ચુક્યા હતા. નિચલા વિસ્તારમાંથી લોકોને સુરક્ષિત ખસેડવામાં આવ્યા હતા. બંને રાજ્યોમાં એનડીઆરએફની ટીમ સક્રિય કરવામાં આવી હતી. ખતરાને ધ્યાનમાં લઈને ઓરિસ્સા સરકારે રાજ્યની તમામ સ્કુલ કોલેજો અને આંગણવાડી કેન્દ્રોને ૧૧મી અને ૧૨મી ઓક્ટોબરે બંધ રાખવાના આદેશ કર્યા છે. વિદ્યાર્થી ચૂંટણી રદ કરવામાં આવી છે.

## હોટ ઈસ્યુ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી જાય તો આ કદરદાનોનો મુડ જરા વધારે ખીલે છે.. સિઝન પાસની ડીમાન્ડ ગેરવ્યાજબી હોવાનો અહેસાસ થયા બાદ સીધી જ આજના મળશે તેના પર મામલો આવી ને અટકે ...એટલે ગરબા મહોત્સના આયોજકોએ બે આંખની શરમે પણ બે ચાર પાસ તો હાથમાં થમાવા પડે.. શહેરમાં અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનના અંતે પણ હજુ કલારસિકોના માઈન્ડ સેટમાં થોડો બદલાવ આવ્યો છે પરંતુ બદલાયો નથી.. ચોપડી કરી આપો...આજના છે.. સિઝન બુક આપી દો ને.. બે પાસનો મેળ પડશે ..આઠમના તો જોઈશે જ.. મહેમાન આવે છે.. ગરબા મહોત્સવના આયોજકો પણ ફ્રી પાસ.. કોમ્પલીમેન્ટ્રી પાસના.. કલ્ચરથી ગળે આવી ગયા છે..

## કેદ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૨૧ પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો. આ કેસ ગાંધીનગરની ત્રીજા એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં સમાજમાં દાખલો બેસે તે મુજબની સજા કરવા માટે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ. સરકારી વકીલની દલીલો તેમજ ડોકટર તેમજ તપાસ કરનાર અધિકારીની જુબાની ધ્યાને લઈ જજ સારંગાબેન વી વ્યાસે આ કેસના આરોપી જુમ્માખાન મહમદખાન બલોચને ૧૦ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

### આખરે ૪ મહિને કોંગ્રેસે શિસ્તનો કોરડો વિંઝયો

# પાલનપુર નગરપાલિકામાં કોંગ્રેસની બે મહિલા નગરસેવિકાઓ સસ્પેન્ડ

### પાલિકા પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી ટાણે પક્ષના વ્હીપનો અનાદર કરતા કોંગ્રેસે છ વર્ષ માટે કર્યા સસ્પેન્ડ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં વિપક્ષ કોંગ્રેસના પ્રતિક પર ચૂંટાયેલી ૨ મહિલા નગરસેવિકાઓ સામે કોંગ્રેસે ૪ મહિનાના લાંબા ગાળા બાદ શિસ્તનો કોરડો વીંઝતા પક્ષમાંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરતા ચકચાર મચી જવા પામી છે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાની બીજી ટર્મના પ્રમુખ- ઉપપ્રમુખની ચૂંટણી ગત તા.૧૩-૬-૧૮ના રોજ યોજાઈ હતી. જેમાં કોંગ્રેસના પ્રતિક પર વોર્ડનં.૧૧માંથી ચૂંટાયેલા મંજુબેન ભરતભાઈ પટણી અને વોર્ડ નં.૪ માંથી ચૂંટાયેલા ગુલશનબેન અહેમદભાઈ ચુનારા ગેરહાજર રહ્યા હતા. આમ, આ બન્ને કોંગ્રેસી મહિલા નગરસેવિકાઓ એ ગેરહાજર રહી પક્ષના આદેશ અને વ્હીપ વિરુદ્ધ વર્તન કર્યું હતું. જેને ગંભીરતાથી લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા ની સૂચનાથી તાકીદે પક્ષમાંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા હોવાનું શહેર કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ પટેલે જણાવ્યું હતું.

આમ, વિપક્ષ કોંગ્રેસે મોડે મોડે પણ ૨ નગરસેવિકાઓને સસ્પેન્ડ કર્યા કોંગ્રેસી છાવણી સહિત રાજકીય વર્તુળોમાં ચકચાર મચી જવા પામી છે.



હિંમતનગરની ૧૪ માસની બાળકી પર દુષ્કૃત્ય ગુજારનારા નરાધમ સામે ચોમેરથી ફિટકાર વરસી રહ્યો છે. જેને ફાંસીની સજા થાય તેવી માંગ થઈ રહી છે. ત્યારે પાલનપુર ખાતે આવેલી જી. ડી. મોદી કોલેજના છાત્રોએ વિશાળ રેલી યોજી કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવી આરોપીને ફાંસીની સજા થાય તેવી માંગ કરી હતી. તેમજ તંત્ર સમક્ષ રજૂઆતો થઈ રહી છે. ત્યારે પાલનપુર ખાતે જી. ડી. મોદી કોલેજમાં અભ્યાસ કરતાં છાત્રોએ પણ આરોપીને ફાંસીની માંગ સાથે કોલેજ ખાતેથી વિશાળ સંખ્યામાં રેલી યોજી હતી. અને કલેકટર કચેરીએ પહોચ્યા હતા. જ્યાં અધિક કલેકટક એલ. બી. બાંભણીયાને આવેદનપત્ર આપ્યું હતુ.

# ભિલોડાના ડોડીસરા ગામની સીમમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સરહદી વિસ્તારના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલા વિવિધ ગ્રામ્ય વિસ્તારોના માર્ગો દેશી-વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરો માટે સ્વર્ગ સમાન પુરવાર થઈ રહ્યા છે. રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડવા માટે ભિલોડા તાલુકાના વિવિધ માર્ગો ઉપરથી દેશી-વિદેશી દારૂની હેરાફેરી મોટા પાયે થાય છે.પોલીસએ વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે લાલ આંખ કરતાં બુટલેગરોમાં ભારે ભય વ્યાપ્યો છે.





ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ ડોડીસરા ગામના માતાજીના મંદીર પાસેથી પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન રૂા.૩,૯૬,૦૦૦/- નો વિદેશી દારૂ પોલીસ ધ્વારા બાતમીના આધારે ઝડપાયો છે. વિદેશી દારૂની હેરાફેરી કરતા ત્રણ ઈસમો પલાયન થઈ ગયા છે. પોલીસએ વિદેશી દારૂનો મુદ્દામાલ કબજે લઈ ધારાધોરણ મુજબની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.દેશી-વિદેશી દારૂના ધંધા સાથે સંકળાયેલા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ બુટલેગરો ઉપર પ્રોહિબિશન એક્ટ હેઠળ રેડો કરવા સુચના કરેલ છે.પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન બાતમીના આધારે ડોડીસરા ગામના માતાજીના મંદીર પાસેથી વિદેશી દારૂ ઝડપી લીધો હતો. (૧) નિતીનભાઈ પાઉલભાઈ બળેવા (૨) અનિલભાઈ ઉર્ફે ગોદો ચિમનભાઈ નિનામા (૩) ચુનીલાલ ચિમનભાઈ નિનામા ત્રણેય રહેવાસી.ડોડીસરા, તા.ભિલોડાના છે. મહિન્દ્રા જાયલો કાર નંબર.જી.જે.૦૧.કે.ક્યું. ૫૦૪૭ અને જી.જે.૦૬.ઈ.ડી. ૦૨૯૦ બંન્ને કારમાં સંતાડીને લવાતો પાસ પરમીટ વગરનો પરપ્રાંતિય ભારતીય બનાવટનો વિદેશી દારૂ પોલીસએ ઝડપી લીધો હતો. વિદેશી દારૂની હેરાફેરી કરતા ઈસમો પોલીસના વાહનો જોઈ વિદેશી દારૂ ભરેલી બે જાયલો કાર મુંકી સીમ વિસ્તારોમાં આવેલા ખેતરોમાં ભાગી ગયા હતા. બંન્ને જાયલો કારમાંથી એપીસોડ માર્કાની પેટીઓ નંગ-૬૫ બોટલ નંગ-૭૮૦ કિંમત રૂા.૩, ૧૨,૦૦૦/-, ઓફીસર ચોઈસ પેટી નંગ-૧૦ બોટલ નંગ-૧૨૪ કિંમત રૂા.૬૦,૦૦૦/-, હેવર્ડ બિયર પેટીઓ નંગ-૧૦ ટીન નંગ-૨૪૦ કિંમત રૂા.૨૪,૦૦૦/- વિદેશી દારૂની કુલ કિંમત રૂા.૩,૯૬,૦૦૦/- બંન્ને જાયલો કારની કિંમત રૂા.૫,૦૦,૦૦૦/- કુલ મુદ્દામાલની કિંમત રૂા.૮,૯૬,૦૦૦/- નો મુદ્દામાલ પોલીસએ પેટ્રોલીંગ દરમ્યાન કબજે લઈ વિદેશી દારૂનો જથ્થો લાવનાર ઈસમો વિરૂધ્ધ પોલીસએ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી ધારા ધોરણ મુજબની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભિલોડા પોલીસ સ્ટેશન સબ ઈન્સપેક્ટર એમ.આર.સંગાડા વધુ તપાસ ચલાવી રહ્યા છે.